શ્યામનગરમાં વિશ્વકર્મા મંદિરે રાસ-ગરબા યોજાયા

વડાલી સત્તાવીસ સુથાર સમાજ પ્રેરિત ખેડબ્રહ્મા સુથાર યુવા ગ્રૂપ દ્વારા શરદોત્સવ નિમિત્તે સોમવારે રાત્રે શ્યામનગરમાં વિશ્વકર્મા મંદિર પરિસરમાં રાસ-ગરબાનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના અબાલવૃદ્ધે ઉત્સાહભેર ભાગ લીધો હતો. ખેલૈયાઓએ મોડી રાત સુધી રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. ગરબામાં ઉપસ્થિત સૌને એક ભેટ કુપન આપવામાં આવી હતી અને તેનો ડ્રો કરી ઈનામ ભેટમાં રોજબરોજની ઉપયોગી વસ્તુઓ આપવામાં આવી હતી. આ પ્રસંગે વડાલી સત્તાવીસ સુથાર સમાજના પ્રમુખ પરસોત્તમદાસ સુથાર, ઉપપ્રમુખ કાન્તીલાલ સુથાર, શંકરલાલ સુથાર, ધુળાભાઈ સુથાર સહીતના સમાજજનો ઉપસ્થિત રહ્યા હતા. આ રાસ-ગરબાના કાર્યક્રમને યુવા ગૃપના પ્રમુખ પ્રકાશભાઈ સુથાર-ઉપપ્રમુખ યોગેશભાઈ સુથાર, મંત્રી જયંતીલાલ સુથાર, સહમંત્રી જતીનભાઈ સુથાર તથા ખજાનચી નીરવભાઈ સુથાર સહીત ગૃપના તમામ સભ્યોએ જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો.

તલોદમાં સ્વચ્છતા અભિયાન રેલી યોજાઈ

ગાંધી જયંતિના દિને સ્વચ્છતા અભિયાન સબબ સ્વચ્છતાની લોકજાગૃતિ અર્થે સ્વચ્છતા અભિયાન રેલી તાલુકા શાળા નં. ૧માંથી તાલુકા આરોગ્ય અધિકારીશ્રી નગરપાલિકાના પ્રમુખ રંજનબેન પટેલ દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવેલ હતુ. તાલુકા આરોગ્ય ઓફિસે સમાપન કરવામાં આવ્યુ હતુ. શહેરના વિવિધ માર્ગ પર રેલીભ્રમણ કરેલ હતુ. આરોગ્ય વિભાગના મોટી સંખ્યામાં અધિકારી કર્મચારીઓએ ભાગ લઈને રેલીને સફળ બનાવી હતી. ચિત્ર હરિફાઈનું આયોજન કરેલ હતુ. અંતર્ગત ટોયલેટ મુવી પણ બતાવવામાં આવેલ હતી.

પ્રાંતિજની અંબાવાડા પ્રાથમિક શાળા પાસે ગંદકીના ઢગલા

એસ.એમ.સી.ના સભ્યો તથા ગ્રામજનો દ્વારા તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના અંબાવાડા ખાતે અંબાવાડા પ્રાથમિક શાળા આગળ ગંદકીથી ખદબદી ઉઠતાં શાળાના એસ.એમ.સી.ના સભ્યો તથા ગ્રામજનો દ્વારા તાલુકા વિકાસ અધિકારી જે. એચ. કાપડીયાને આવેદન પત્ર આપ્યું હતુ.

પ્રાંતિજના અંબાવાડા ખાતે આવેલ અંબાવાડા પ્રાથમિક શાળા પાસે ગંદકીના ઢગ જામતા અને ઉકરડાઓ થતા અને લોકો જાહેરમાં કુદરતી હાજતે જતા અહીથી પ્રસાર થતા આવતા જતા લોકોના નાકના ટેળવા પણ ચડી જાય છે. તો અહીં શાળામાં આવતા બાળકો ગંદકીને લઈને તેમના સ્વાસ્થ્ય ઉપર અસર પડે તો નવાઈ નહી. ત્યારે આજ ગામનાં અને સાબરકાંઠા જિલ્લાના શિક્ષણ સમિતિના ચેરમેન મણીભાઈ ઈશ્વરભાઈ પટેલના જ ગામમાં હાલ તો વિદ્યામંદિર ગંદકીથી ખદબદી ઉઠયું છે. ત્યારે શાળાનાં એસ.એમ.સી.ના સભ્યો તથા જાગૃત ગ્રામજનો દ્વારા ગ્રામપંચાયતમાં રજુઆતો કરવા છતાં કોઈજ કાર્યવાહી ના થતાં અંબાવાડા પ્રાથમિક શાળાનાં એસ.એમ.સી. અને ગ્રામજનો દ્વારા પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે આવીને તાલુકા વિકાસ અધિકારી જે.એ.કાપડીયાને આવેદનપત્ર આપ્યું હતું અને શાળાની આગળ બાજુમાં આવેલ ગંદકીના ઢગ દૂર કરવા રજુઆતો કરવામાં આવી હતી.

ખેડા જિલ્લામાં ગૌરવયાત્રાનું આજે આગમન

ગાંધીનગર, તા. ૪

સમગ્ર ગુજરાતના પ્રજાજનોમાં આગામી વિધાનસભાની ચૂંટણી પૂર્વે ભાજપ દ્વારા જનજાગૃતિ અભિયાનના ભાગસ્વરૂપે ગૌરવયાત્રાનું આયોજન કરાયું છે. આ ગૌરવયાત્રાનો શુભારંભ ભારતની એકતાના શિલ્પી અને સ્વ. નાયબ વડાપ્રધાન સરદાર પટેલની કર્મભૂમિ કરમસદથી કરાયો હતો. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહ, રાજ્યના પ્રભારી ભુપેન્દ્રજી યાદવ, પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના સાનિધ્યમાં આરંભાઈ છે. આ ગૌરવયાત્રાનો પ્રકવેશ ખેડા જિલાના યાત્રાધામ ડાકોરથી થશે અને છ વિધાનસભાના મુખ્ય સ્થળોએ ભવ્ય જાહેર સભાનું પણ આયોજન કરાયુ છે.

આ યાત્રાનુ તા. ૫ ઓક્ટોબરના રોજ આણંદ જિલ્લાના ઉમરેઠથી ખેડા જિલ્લાના યાત્રાધામ ડાકોરમાં ૨.૪૦ મિનિટે આગમન થશે. ત્યારબાદ ઠાસરામાં ૨.૫૦ કલાકે જાહેરસભા યોજાશે. ત્યારબાદ યાત્રા પીપલવાડા, ફાગવેલ, લસુંદ્રા થઈને કપડવંજમાં પહોંચશે. જ્યાં ભવ્ય સ્વાગત બાદ ૩.૫૫ કલાકે સભા યોજાશે. સભાની પૂર્ણાહૂતિ બાદ યાત્રા દાસલવાડા, કઠલાલ અને વડથલમાં સ્વાગત બાદ મહુધા ખાતે ૫.૩૫ કલાકે પહોંચશે. જ્યાં સભાનુ આયોજન કરાયું છે. સભાની પૂર્ણાહૂતિ બાદ યાત્રા સિંઘાલી, વીણા થઈને નડિયાદમાં આવી પહોંચશે. જ્યાં નડિયાદમાં ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ત્યારબાદ સંતરામ મંદિરના વિશાળ પટાંગણમાં જાહેરસભા યોજાશે. આ સભામાં ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, શિક્ષણમંત્રી અને પ્રભારી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા વગેરે સૌને માર્ગદર્શન આપશે. ત્યારબાદ યાત્રા નડિયાદમાં રાત્રીરોકાણ કરશે.

આ ગૌરવયાત્રા સવારે ૯ કલાકે નડિયાદથી પ્રસ્થાન થઈને ૯.૧૦ કલાકે કમળા, ૯.૨૫ કલાકે ખાત્રજ ચોકડી પહોંચશે જ્યાં જાહેરસભા યોજાશે. ત્યારબાદ યાત્રા મહેમદાવાદ, વિઠ્ઠલપુરા, ખેડા અને માતરમાંથી પસાર થઈને લિંબાસી પહોંચશે. જ્યાં જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા દરમ્યાન મધ્યમાં આવતા તમામ ગામોમાં ગૌરવયાત્રાના સારથીઓ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, જયસિંહજી ચૌહાણ, દેવુસિંહજી ચૌહાણ, પંકજભાઈ દેસાઈ વગેરે અગ્રણીઓ પ્રજાજનોનુ અભિવાદન કરશે અને તેઓનું ઠેરઠેર સ્વાગત પણ કરાશે.

પ્રધાનમંત્રીના પ્રવાસના પગલે ગૃહમંત્રી વડનગર પહોંચ્યા

મહેસાણા, તા. ૪

ગૃહરાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ આજે અત્રે વડનગર ખાતે વડાપ્રધાન અને આ ધરતીના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીના

આગમનની પુર્વ તૈયારીની થઈ રહેલ કામગીરીની સમીક્ષા કરી હતી.

ગૃહરાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી બન્યા બાદ સૌ પ્રથમવાર પોતાના માદરે વતન આવી રહ્યા છે. ત્યારે તેમને આવકારવા સમગ્ર ઉત્તર ગુજરાત અને જિલ્લાની જનતામાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

વડાપ્રધાનના આગમન વખતે જાહેર જનતાને કોઈ અગવડ ના પડે અને સઘન વ્યવસ્થા જળવાય તેવી વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. પ્રધાનમંત્રીના કાર્યક્રમના પગલે ૧૫૦૦થી વધુ સુરક્ષા કર્મીઓ જોડાશે.

આ કાર્યક્રમના કામચલાઉ આયોજનની જાણકારી આપતા રાજ્ય ગૃહમંત્રી જાડેજાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સૌ પ્રથમ ગુંજા હેલીપેડ ઉપર આગમન કરશે. ત્યાંથી હાટકેશ્વર મહાદેવ, સ્કુલ રેલ્વે સ્ટેશનવાળા રસ્તે થઈને વડનગર હોસ્પિટલ ખાતે પહોંચી લોકાર્પણ કરશે. ત્યાર બાદ હાઈવે ઉપર યોજાયેલ જાહેર સભાને સંબોધશે. વડાપ્રધાનના આગમન ટાણે વડનગરમાં દરેક ઘર અને રસ્તાને શણગારવામાં આવશે.

આ પ્રસંગે ઉચ્ચ પોલીસ અધિકારીઓ ગીતા જોહરી, ડી.જી.પી શીવાનંદ ઝા, ગાંધીનગર રેન્જના મયંક ચાવડા તથા મહેસાણા જિલ્લાના એસ.પી. ચૈતન્ય મંડલિક સમગ્ર કાર્યક્રમના રૂટ ઉપર ફરી સુરક્ષાની સમીક્ષા કરી હતી.

સાંસદ જયશ્રીબહેન પટેલ, ધારાસભ્ય ઋષિકેશભાઈ પટેલ, વડનગરના સામાજિક અગ્રણી સોમભાઈ પટેલ, સુનિલભાઈ મહેતાએ થઈ રહેલ કામોની જાણકારી આપી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટરે થઈ રહેલ કામોની તૈયારીની સમજ આપી હતી.

પ્રાંતિજના નવા બાકરપુર ખાતે લોકડાયરો યોજાયો

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના નવા બાકરપુર ખાતે ગાંધીજયંતિ નિમિત્તે લોકડાયરા નું

આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવા બાકરપુર ગ્રામ સહિત આજુબાજુના લોકો ઉપસ્થિત રહ્યાંહતા.

નવાબાકરપુર ખાતે ગાંધીજયંતિ નિમિત્તે નવા બાકરપુર અંબિકા મંદિરના ચોકમાં રાત્રીના સમયે ગુજરાત રાજય સંગીત નૃત્ય નાટય અકાદમી ગાંધીનગર તથા નાયક રંગમંચ સંકુલ ઘડીના સંયુક્ત ઉપક્રમે બાપુ ની યાદ માં લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત સમારંભ ના અધ્યક્ષ સુમતિબહેન રાવલ, નરહરિભાઈ પટેલ, પ્રભુદાસ ભાઈ પટેલ , રમણભાઈ પટેલ સહિત વગેરે મહેમાનોનુંસ્વાગત કરવામાં આવ્યુંહતું અને દિપ પ્રાગટ્ય બાદ આવેલ કલાકારો દ્વારા લોકડાયરાની શરૂઆત કરવામાં આવી હતી. જયારે કલાકારોએ ગામજનો તથા આજુબાજુમાંથી આવેલ લોકોના દિલ જીતી લીધાં હતાં.

મેઘરજ સરકારી હોસ્પિટલમાં કસરત વિભાગના રૂમની છત તુટી : જાનહાની ટળી

મેઘરજ, તા. ૪

અરવલ્લી જિલ્લાના મેઘરજમાં વર્ષો અગાઉ બનેલી સરકારી હોસ્પિટલ જર્જરિત બની છે ત્યારે મંગળવારના રોજ સવારે હોસ્પિટલના કસરત વિભાગનો રૂમ ખોલતા અંદરની છત તૂટેલી જોવા મળી હતી. ત્યારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે રૂમના અંદર કોઈ દર્દી ન હોવાથી જાનહાનિ ટળી હતી.

મેઘરજની સરકારી હોસ્પિટલમાં છત તુટવાની બીજીવાર ઘટના બની છે. જો કે બે માસ અગાઉ પણ આજ હોસ્પિટલના આઈસોલેસન વોર્ડની છત તુટી પડી હતી. હોસ્પિટલની છત તુટવાના વારંવાર બનતા બનાવોથી હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓમાં પણ ભયનો

માહોલ જોવા મળી રહ્યો છે. અને દર્દીઓ જીવના જોખમે સારવાર લઈ રહ્યા છે.

સરકારી હોસ્પિટલમાં વારંવાર છત તુટવાના બનાવો બને છે. ત્યારે ઉચ્ચ અધિકારી દ્વારા છત તુટવાના બનાવને ગંભીરતાથી નોંધ લઈ તાકીદે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તો મોટી દુર્ઘટના ટળી શકે તેમ છે.

જીવકોરબા સ્કૂલ ખાતે ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતા ઝુંબેશ યોજાયો

તલોદ, તા. ૪

તલોદ ખાતે આવેલી વિવેકાનંદ મિશન જીવકોરબા ઈંગ્લિશ મિડીયમ સ્કૂલના વિદ્યાર્થી ભાઈ-બહેનો વાલીઓ શાળા સ્ટાફ પરિવાર દ્વારા ૨જી ઓક્ટોબર ગાંધી જયંતિ નિમિત્તે ખાસ સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ ઝુંબેશ હાથ ધરતા તમામે મોટી સંખ્યામાં હાજર રહી શાળા કેમ્પસમાં ઓફિસ બગીચા સહિત આસપાસમાં સફાઈ હાથ ધરી ગંદકી દૂર કરીને એક તબક્કે સ્વચ્છતા અભિયાનને વેગ આગળ ધરાવતા સ્વચ્છતા પ્રત્યે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. શાળાના ટ્રસ્ટી ગણ દ્વારા વારંવાર શાળા પરિવાર અને વિદ્યાર્થી વાલિગણની મદદથી અનેક પ્રવૃત્તિ અને કાર્યક્રમોથી તલોદના શિક્ષણ જગતમાં આગવી ઓળખ ઉભી કરવાનુ પ્રતિબીંબ વિવેકાનંદ મિશન સ્કૂલ દ્વારા ઓળખ ઉભી કરી છે.

અરવલ્લી જિલ્લામાં તમામ તાલુકા-શહેરના ૧૦૬૭ બુથ ઉપર ભાજપના કાર્યકરો વિસ્તારક તરીકે ઘેર ઘેર લોક સંપર્ક કરી રહ્યા છે. અગાઉ ૯ દિવસીય પ્રથમ તબક્કા પછી ૧લી ઓક્ટોબરથી ૫ ઓક્ટોબર સુધીના બીજા તબક્કાની વિસ્તારક યોજનામાં પણ બુથ વિસ્તારમાં જઈ સોપાયેલ પાર્ટીની કામગીરી જેવી કે જનસંપર્ક, બુથ લેવલની બેઠકો, બુથમાં પેજ પ્રમુખ અને બુથ કાર્યકરોનો સંપર્ક અને પાર્ટીના ઝંડા કાર્યકરોના ઘર ઉપર લગાવવા વગેરે કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. પ્રસ્તુત તસ્વીર મોડાસાના અંતરળિયાળ છુટાછવાયા દાવલી અને છાત્રેશ્વરી બુથ ઉપર વિસ્તારક રાજેન્દ્રસિંહ બાલુસિંહ પુવાર અને વિસ્તારક કાંતાબેન ધુળાભાઈ ગદાત સ્થાનિકો સાથે દૃષ્ટિગોચર થાય છે, આવા દશ્યો આજકાલ દરેક બુથ ઉપર જોવા મળી રહ્યા છે.

શામળાજીના વેણપુર ગામ નજીક સંતાડીને લવાતો ૧૫ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપાયો

અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક આવેલી આંતરરાજ્ય સરહદ રતનપુર ચેક પોસ્ટ પરથી કરોડો રૂપિયાના વિદેશી દારૂની હેરાફેરી બુટલેગરો દ્વારા કરવામાં આવી રહી છે. સોમવારે રાત્રી ના ૧૧ વાગ્યાના સુમારે રાજસ્થાન તરફથી આવતી ટ્રકને અટકાવી તલાશી લેતા એ.સી. કોયલ ની આડમાં સંતાડીને લાવતો વિદેશી દારૂનો ૧૫.૪૫ લાખનો જથ્થો ઝડપી પડી ૨ શખ્સોની ધરપકડ કરી અન્ય ૧ શખ્સને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ટ્રકની કિંમત રૂપિયા ૧૦૦૦૦૦૦, મોબાઈલ નંગ-૧ કિંમત રૂપિયા ૫૦૦ મળી કુલ-૨૫૪૬૧૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો.

ઈડર ખાતે બાળ લગ્ન નાબૂદી અભિયાન અંતર્ગત જાગૃતિ શિબિર યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના ઈડર ટાઉનહોલ ખાતે ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને રાષ્ટ્રીય પછાત વર્ગ નાણા અને વિકાસ નિગમના સંયુક્ત ઉપક્રમે ધંધાકીય સીધા ધિરાણની વિવિધ યોજનાઓ તેમજ બાળ લગ્ન નાબૂદી અભિયાન અંતર્ગત વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાની અધ્યક્ષતામાં લોક જાગૃતિ શિબિર યોજાઈ હતી.

પ્રાસંગિક ઉદ્બોધન કરતા અધ્યક્ષ રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે સમાજના અન્ય પછાત વર્ગના લોકો આર્થિક રીતે પગભર બની શકે તે માટે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ મુદ્રા યોજના શરૂ કરી છે જેમાં વ્યવસાયિક લોન માટે રૂ. એક લાખથી લઈ રૂ. દસ લાખ સુધીની લોન આપવામાં આવે છે. જેનાથી સામાન્ય વર્ગનો માણસ પણ આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી સ્વમાનભેર જીવન જીવી શકે તેવો સરાહનીય પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.

વધુમાં અધ્યક્ષ રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, સમાજમાં શિક્ષણ અનિવાર્ય છે શિક્ષણ થકી સમાજના ઘણા કુરીવાજો દૂર થઈ શકે છે. જેપૈકી બાળ લગ્નનો પણ સમાવેશ થાય છે. જેથી દિકરીઓને વધુ શિક્ષણ આપવુ એ હાલના સમયની માંગ છે.

જાગૃતિ શિબિરમાં ઠાકોર કોળી વિકાસ નિગમના ચેરમેન નંદાજી ઠાકોર તથા દેના ગુજરાત ગ્રામીણ બેંકના રીજીયોનલ મેનેજર એચ.એલ. બેરવાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતું. આ કાર્યક્રમમાં સીધી ધિરાણ હેઠળ લાભાર્થીઓને સહાયના ચેકનુંવિતરણ કરવામાં આવ્યું હતું. ઈડર નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી કાન્તાબેન પરમાર, અગ્રણી અશ્વિનભાઈ પટેલ, નિગમના મે. ડીરેકટર જશવંત ગાંધી, નાયબ નિયામક પી.આર. મોદી સહિત આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.